# દ.ગુ.માં વાપી- નવસારી હવેથી મહાપાલિકા, ભરૂચ રહી ગયું

**નવસારીના** દાંતેજ, ધારાગીરી, એરુ-હાંસાપોર ગામનો નવસારી મનપામાં સમાવેશ

**વાપી** મનપામાં બલીઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર તથા કુંતાનો સમાવેશ

**વાપી** મનપાના પહેલા કમિશનર તરીકે યોગેશ ચૌધરીની નિમણૂક કરવામાં આવી

**મનપા** તરીકે વિધિવત જાહેર થતાં લોકોમાં ખુશીની લહેર ફરી વળી

**મુંબઈ** તેમજ સુરત જેવાં બે મહાનગરો વચ્ચે હવે વાપી મહાનગર પણ હરણફાળ ભરશે

**14** વર્ષની રજૂઆત છતાં ભરૂચને પાલિકાનો દરજ્જો નહીં મળતાં નારાજગી

સુરત : ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીએ વર્ષ 2024-25ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/છાયા અને ગાંધીધામ એમ કુલ 9 નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીએ આ 9 મહાનગરપાલિકાની રચનાને મંજૂરી આપીને મહાનગરપાલિકાઓ તાત્કાલિક અસરથી કાર્યરત કરી છે.

ગુજરાતમાં હાલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને ગાંધીનગર મળી કુલ 8 મહાનગરપાલિકાઓ કાર્યરત છે. આ પૈકી જુનાગઢ મહાનગરપાલિકાની વર્ષ 2002માં અને ગાંધીનગર મહાનગરપાલિકાની વર્ષ 2010માં રચના કરવામાં આવી હતી. ત્યારબાદ લગભગ 14 વર્ષ બાદ આ નવી 9 મહાનગરપાલિકાઓની રચના થઈ રહી છે. હવે મહાનગરપાલિકાઓની સંખ્યા કરતા બે ગણી એટલે કે 17 મહાનગરપાલિકાઓ અસ્તિત્વમાં આવી છે. ગુજરાતના શહેરી વિકાસમાં આ એક ઐતિહાસિક ઘટના છે. રાજ્યમંત્રી મંડળના નિર્ણય અનુસાર નવસારી નગરપાલિકા તેમજ દાંતેજ, ધારાગીરી, એરુ અને હાંસાપોર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઈને નવસારી મહાનગરપાલિકા બનશે. એ જ રીતે વાપી મહાનગરપાલિકા બનતા આસપાસના ૧૧ ગામ બલિઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, કરવડ, નામધા, ચંડોર, મોરાઈ, વટાર તથા કુંતાનો સમાવેશ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાપીના માટે નવો ઈતિહાસ રચી દીધો છે. મુંબઈ તેમજ સુરત જેવા બે મહાનગરો વચ્ચે હવે વાપી મહાનગર પણ હરણફાળ ભરશે.

વાપી મહાનગરપાલિકાના પહેલા કમિશનર તરીકે આઈએએસ અધિકારી યોગેશ ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે.

ગામોમાં સિમાંકન કરીને નવા વોર્ડની રચના કરી વાપી મનપાની ચૂંટણી માટે તૈયારીઓ થશે. જો કે મહાનગરપાલિકામાં જોડાવા સામે કેટલાક ગામોએ વિરોધ કર્યો હતો. પરંતુ હવે રાજ્ય સરકારે ૧૧ ગામોનો મહાનગરપાલિકામાં સમાવેશ કર્યો છે ત્યારે વાપી સાથે આ ગામોનો પણ વિકાસનો નવો અધ્યાય શરૂ થશે. નવસારી અને વાપી મહાનગરપાલિકા બનતા લોકોમાં શહેરમાં ખુશીની લાગણી ફેલાઈ હતી. અને રસ્તાની વચ્ચોવચ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.

## અંદાજે 1.90 લાખની છતાં ભરૂચને આ વેળા પણ મહાનગર પાલિકાનો દરજ્જો ન મળ્યો

ઝાડેશ્વર, નંદેલાવ, કંથારિયા, ઉમરાજ અને ભોલાવ સહિતનાં ગામનો સમાવેશ કરવામાં આવ્યો હોત તો ભરૂચ મહાનગર પાલિકા બની શકી હોત. પરંતુ સ્થાનિક નેતાગીરીની ઇચ્છાશક્તિના અભાવે ભરૂચ કમનસીબ રહ્યું હતું. લગભગ 14 વર્ષ રજૂઆતોના વહાણાં વીતવા છતાં અને ભરૂચ નગરની હાલની વસતી અંદાજે 1.90 લાખની હોવા છતાં ભરૂચ આ વેળા મહાનગર પાલિકાથી વંચિત રહી ગયું હતું.

## રાજ્યમાં નવી 9 મનપાના મ્યુનિ.કમિ. નિમાયા

રાજ્ય સરકારે આજે કેબીનેટ બેઠકમાં એક મોટો નિર્ણય લેવા રાજ્યમાં 9 નવી મહાનગર પાલિકાની જાહેરાત કરી છે. હવે રાજ્ય સરકારે નવી મહાનગર પાલિકાના વહીવટ માટે મ્યુનિસિપલ કમિશનરની નિમણૂંક પણ કરી છે.રાજ્ય સરકારે કરેલી જાહેરાત પ્રમાણે નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ એમ કુલ 9 નગરપાલિકાઓ મહાનગરપાલિકા તરીકે કાર્યરત કરાશે.

### કઇ મનપામાં નવા કયા મ્યુનિ.કમિ. રહેશે

| નામ | મહાનગર પાલિકા |
|---|---|
| સ્વપ્નિલ ખારે | મોરબી |
| મિલિંદ બાપના | આણંદ |
| મિરાંત પારેખ | નડીયાદ, |
| યોગેશ ચૌધરી | વાપી |
| રવિન્દ્ર ખટાલે | મહેસાણા |
| જી.એ. સોલંકી | સુરેન્દ્રનગર |
| શ્રીદેવ ચૌધરી | નવસારી |
| એચ.જે. પ્રજાપતિ | પોરબંદર |
| એમ.પી. પંડ્યા | ગાંધીધામ |

## રાજ્યમાં 23 IPS- 12 IAS અધિકારીઓની બઢતી કરવામાં આવી

**સુરતના** ડીસીપી આરપી બારોટ, ગ્રામ્યના ડીઆઇજી હિતેશ જોયસરનો બઢતીમાં સમાવેશ, નવ મનપામાં મ્યુનિ.કમિ. પણ નિમાયા

ગાંધીનગરઃ ગુજરાતના 23 આઈપીએસ અધિકારીઓને બઢતીના આદેશ કરી દીધા છે. આઈપીએસ બાદ રાજ્ય સરકાર દ્વારા 2016ની બેન્ચના 12 આઈએએસ અધિકારીઓને પણ બઢતી આપી છે. એટલું જ નહીં, 2021ની બેન્ચના નવ આઈએએસ અધિકારીઓને સિલેક્શન ગ્રેડમાં બઢતી આપી છે. ગઈકાલે રાત્રીના સરકારે 23 આઈપીએસ અધિકારીઓને બઢતી આપી છે.

સરકારે આ બઢતીઓની સાથે સાથે રાજ્યની નવી નવ મહાનગરપાલિકાઓમાં પણ મ્યુનિ. કમિ.ની નિમણુંકના આદેશો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, નવા મ્યુનિ. કમિ. દ્વારા આજથી જ પોતાનો ચાર્જ સંભાળી લેવામાં આવશે. સાથે સાથે મહાપાલિકાની રચનાની સાથે તેને આનુસાંગિક કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવશે.

## હજીરાની AMNS કંપનીના કોરેક્સ-2 પ્લાન્ટને ક્લોઝર નોટિસ ફટકારાઈ

**સલામતીના** તમામ પગલા નહીં લેવાય ત્યાં સુધી પ્લાન્ટ બંધ રહેશેઃ ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટીના જો. ડાયરેક્ટર

સુરતઃ હજીરામાં એએમએનએસ કંપનીમાં આગકાંડ બાદ ઈન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટએ તાત્કાલિક અસરથી ક્લોઝર ફટકારી દીધી છે. અને તપાસ ચાલુ કરી છે. આ અંગે પૂછપરછ કરતાં આ વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર આર.એ.પટેલે કહ્યું હતું કે, કંપનીમાં ટેક્નિકલ તપાસ ચાલુ કરાશે. હાલ આ પ્લાન્ટ જ્યાં સુધી સલામતીનાં તમામ પગલાં ભરી પૂર્તતા ન થાય ત્યાં સુધી બંધ રાખવા સૂચના આપી દેવાઈ છે.

### હજીરાની AMNS કંપનીના કોરેક્સ-ટુ પ્લાન્ટની કરૂણાંતિકામાં કલેક્ટરે તપાસના આદેશ આપ્યા

સુરતઃ શહેરને અડીને આવેલા હજીરા બેલ્ટની એએમએનએસ કંપનીના સ્ટીલ પ્લાન્ટમાં ગઇકાલે બનેલી આગની દુર્ઘટનામાં જિલ્લા કલેક્ટર તંત્રએ તપાસના આદેશ આપ્યા છે. પ્રશાસને નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત પાર્થ તલસાણીયને તપાસ સોંપી છે. બે દિવસમાં તપાસ બાદ જે રિપોર્ટ આવશે તે મુજબ કંપની સામે વધુ તપાસની જરૂર પડશે તો કમિટિની રચના કરાશે.

### AMNSમાં જીપીસીબીએ પણ તપાસ કરી વચગાળાનો રિપોર્ટ વડીકચેરીએ મોકલી આપ્યો

હજીરાની એમએનએસ કંપનીની આગ હોનારતમાં આજે જીપીસીબીની ટીમે પણ સ્થળ તપાસ કરી હતી. આ અંગે જીપીસીબીના પ્રાદેશિક અધિકારી જીજ્ઞાબેન ઓઝાએ કહ્યું હતું કે તપાસ કરી વચગાળાનો અહેવાલ પણ વડી કચેરીએ મોકલી દેવાયો છે. આગામી દિવસોમાં અન્ય વિભાગો કરેલી કામગીરી અને કલોઝર ઓર્ડર સહિતના કાગળોના એટેચમેન્ટ સાથે જીપીસીબીને વિગતો મોકલી આપવામાં આવી છે.

## ભાજપના આંતરીક ઝઘડામાં અમરેલીના પત્રિકા કાંડમાં પોલીસે પાટીદાર યુવતીનો વરઘોડો કાઢી દીધો

ગાંધીનગરઃ અમરેલીના ભાજપના ધારાસભ્ય કૌશિક વેકરિયા પર 40 લાખનો હપ્તો પોલીસ પાસેથી દારૂનો 40 લાખનો હપ્તો લીધાનો આક્ષેપ કરતી એક પત્રીકાના મામલે પોલીસે એક કોમ્પ્યુટર ઓપરેટર પાટીદાર યુવતીની ધરપકડ કરી લેતા સમગ્ર મામલે ભારે હોબાળો મચી જવા પામ્યો છે. છેવટે તેમાં ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલને પણ ઝંપલાવવું પડ્યું છે. નરેશ પટેલે આ સમગ્ર મામલે પાસના નેતા દિનેશ બાંભણિયાને જવાબદારી સોંપી છે. અમરેલીના ભાજપના ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા વિરુદ્ધના પત્રિકા વાયરલ થવાના મામલે પોલીસે અમરેલી યુવા ભાજપના પૂર્વ પ્રમુખ મનીષ વઘાસીયાએ પત્ર વાયરલ કર્યો હતો. અમરેલીના જસવંતગઢના સરપંચ અશોક માંગરોળીયા સહિત કુલ 4 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. અમરેલી LCB, SOG અને સાયબર પોલીસે કૌશિક વેકરીયા વિરુદ્ધના પત્રના ષડયંત્રનો ભેદ ઉકેલ્યો છે.જેમાં કોમ્પ્યુટર ઓપરેટર યુવતીની ધરપકડ કરીને તેને આખા ગામમાં ફેરવતા રાજકિય વિવાદનો મધપૂડો છંછંડાયો છે. પાટીદાર દીકરી હકીકતમાં આરોપી મનિષ વઘાસિયાની ઓફિસમાં ટાઇપીસ્ટનું કામ કરતી હતી. પરંતુ પોલીસે તેની જ ધરપકડ કરી તેને આરોપી બનાવી દીધી હતી. સરદાર પટેલ ગ્રુપ (એસપીજી) ના પ્રમુખ લાલજી પટેલે કહ્યું હતુ કે આ રીતે પાટીદાર યુવતીનો વરઘોડો આરોપી તરીકે કાઢવો યોગ્ય નથી.

### પોલીસે યુવતીનો વરઘોડો કાઢયો નથી, માત્ર ગુનાના રિ - કંન્સ્ટ્રકશન કરવા માટે લઈ જવાઈ હતી

સમગ્ર ઘટના અંગે રાજયભરમાં પાટીદાર સમાજમાં રોષની લાગણી ફેલાવવા પામી હતી. એવામાં સમગ્ર ઘટના અંગે પુછવામાં આવતા ગાંધીનગરમાં કેબીનેટ પ્રવક્તા ઋષિકેશ પટેલે કહ્યું હતું કે , પોલીસે યુવતીનો કોઈ વરઘોડો કાઢયો નથી, આ તો રિ કંન્સ્ટ્રકશન કરવા યુવતીને લઈ જવાઈ હતી.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

**AMNSના 4 કામદારના...**

લઈને આવ્યા હતા. જ્યાં નવી સિવિલ હોસ્પિટલ અને સરકારી કોલેજના ફોરેન્સિક તજજ્ઞ તબીબોની પેનલ ટીમે બોડીને ઓળખવા માટે DNA સેમ્પલ લીધા હતા.

### કાલે સાંજ સુધીમાં મૃતકના વારસદારને શબ સોંપી દેવામાં આવે તેવી શક્યતા

હજીરા પોલીસ મથકના ઇન્સ્પેક્ટર વી.એલ પરમારે જણાવ્યું હતું કે, આજે સાંજે 5 વાગ્યાના સુધીમાં તમામ પોસ્ટમોર્ટમ થયા છે. તેમજ DNA ટેસ્ટ માટેના સેમ્પલ પણ લીધા છે. જેથી તેના રિપોર્ટ બાદ કાલે એટલે કે ગુરુવારે સાંજ સુધી મૃતકના વારસદારને શબ સોંપી દેવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી છે. હાલમાં દુર્ઘટનાને લઈને એડી દાખલ કરવામાં આવી છે. ફેક્ટરી ઇન્સ્પેક્ટર તેમજ એફએસએલ સહિતના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. લોકો અમારા નહિ કંપનીના વ્યક્તિ વિશે કહી રહ્યા હતા. અમારા માણસો તો કાલથી મૃતકના પરિવાર સાથે છે. કંપનીના વ્યક્તિઓ તેમને મળવા નથી આવ્યા જેથી તેઓ તેમની સામે આક્ષેપ કરી રહ્યા છે.

### મૃતકના પરિવારજનોના સભ્યોના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા

નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ફરજ પર હાજર ડો. શીતલ ખેરડીયાએ જણાવ્યું હતું કે, મૃતકના શબને ઓળખવા માટે તેઓના પરિવારજનોના સભ્યોના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા હતા. 4 પરિવારના સભ્યોના આ સેમ્પલ લેવામાં આવ્યા છે. વહેલી તકે મૃતકના પરિવારની ઓળખ થઈ જશે.

### ઓળખ માટે મસ્લ ટિસ્યુ, હાડકાં અને દાંતના નમૂના લીધાં

નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના વડા ડો. ચંદ્રેશ ટેલરે જણાવ્યું હતું કે, આવેલા મૃતદેહ બર્ન્સવાળા છે. તમામને ઓળખવા મુશ્કેલ છે. જેથી DNA ટેસ્ટ માટે તમામના મસ્લ ટિસ્યુ, હાડકું અને દાંતના નમૂના લીધા છે.

**દુર્ઘટના સમયે ફક્ત...**

કરી નથી. રાત્રે પણ 3 કલાક સુધી ડેડ બોડીને એમ્બ્યુલન્સમાં રાખી હતી. અમે આટલાં દૂરથી આવી ગયા છે. પણ પોલીસને આવવામાં 18 કલાકથી વધુનો સમય લાગે એ અમને આજે ખબર પડી છે. હજીરા પોલીસની બેદરકારી તેમજ નબળી કામગીરીને લઈને મૃતકોના પરિવારજનોએ પોલીસ સામે ફિટકાર વરસાવ્યો હતો. કંપનીમાં દુર્ઘટના સમયે ફક્ત 4 લોકો હોય એ હું માની શકતી નથી. કંપની કંઈને કંઈ છૂપાવી રહી છે. જીગ્નેશના લગ્નને 14 વર્ષ થયા છે. પણ તેને એકપણ સંતાન નથી તેમ નિકિતાએ વધુમાં કહ્યું હતું.

**મૃતકના પરિવારને આર્થિક...**

આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઉપરાંત મૃતક કામદારના પરિવારને નિયમ મુજબ ઇન્સ્યોરન્સ વળતર અને મૃતકના પરિવારમાંથી એક વ્યક્તિને નોકરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કંપનીનાં વિશ્વાસપાત્ર સૂત્રોએ જણાવ્યું છે. ગઈકાલે AM/NS India, હજીરા ઓપરેશન્સના COREX પ્લાન્ટમાં ઉપકરણમાં સર્જાયેલી ખામીના કારણે એક દુર્ઘટના થઈ છે. સાંજે 6 વાગ્યાના સમયે યુનિટના શટડાઉન પછી રીસ્ટાર્ટની પ્રક્રિયા થઈ હતી. આ દુર્ઘટનામાં એક ખાનગી કંપનીના 4 કરાર આધારિત કામદારો, જેઓ નજીકના લિફ્ટ (એલિવેટર) પર મેઇન્ટેનન્સ કરી રહ્યા હતા તેમનું મોત થયું હતું.

એક કામદારને સામાન્ય ઇજા થઈ હતી. તેને તરત જ પ્લાન્ટ પરિસરમાં આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેને સારવાર આપવામાં આવી હતી. કંપનીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, અમે પ્રભાવિત કર્મચારીઓના પરિવારોને તમામ મદદ પહોંચાડી રહ્યા છીએ. સુરક્ષા અમારું મુખ્ય પાસું છે અને આ ઘટનાથી વધુ બોધપાઠ પણ મેળવ્યો છે.

**નર્મદ યુનિ.માં સત્તાધીશોના...**

છે. સત્તાધીશોની નબળાઈને કારણે તોફાની વિદ્યાર્થીઓ આ પાર્ટી કરી રહ્યા છે. યુનિવર્સિટીની બોય્ઝ હોસ્ટેલમાં દારૂની મહેફિલ દરમિયાન છાત્રાલયમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટના માત્ર મોજમજાની મહેફિલ સુધી સીમિત નહોતી, પણ તેણે યુનિવર્સિટીની શિસ્ત અને સુરક્ષા વ્યવસ્થાને પણ પડકારી છે. રજી. ગઢવીએ રેડ પાડી ત્યારે પાર્ટી પકડાઈ છે અન્યથા આવી કેટલીય પાર્ટીઓ યુનિ.ના કેમ્પસમાં થતી હશે તે મોટો તપાસનો વિષય છે.

સત્તાધીશોની વિદ્યાર્થીઓ પર પકડ નહીં હોવાથી યુનિ.નું ધામ હવે મહેફિલનું ધામ બનવા પામ્યું છે. યુનિવર્સિટીના કેમ્પસમાં સ્વામી વિવેકાનંદ કુમાર છાત્રાલયના પ્રથમ માળે એક રૂમમાં દારૂની પાર્ટી ચાલતી હોવાની જાણ થતાં, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર રમેશદાન ગઢવી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઘટના સ્થળે પાંચ વિદ્યાર્થીઓ દારૂની મહેફિલ માણી રહ્યા હતા. જો કે, રેડ પડતાં જ ચાર વિદ્યાર્થી પહેલા માળેથી કુદીને ભાગી ગયા હતા, પરંતુ એક વિદ્યાર્થી પકડાયો હતો. આ ઘટનામાં એક વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ચાર વિદ્યાર્થીની શોધખોળ શરૂ ચાલુ છે. સ્થળ પર હાજર અધિકારીઓએ જણાવ્યું કે આ ચાર વિદ્યાર્થીઓમાં સસ્પેન્ડ કરાયેલા વિદ્યાર્થી પણ સામેલ હતા, જે અગાઉ પણ ગેરવર્તન માટે તપાસના દાયરામાં આવ્યા હતા.

### ઘટનાક્રમ અને પોલીસ ફરિયાદમાં તફાવત

હોસ્ટેલના વોર્ડન ડો. ભરત ઠાકરે મુજબ, રાત્રે સુરક્ષા ગાર્ડ મેહુલ મોદીની સાથે જ તેઓએ રૂમ તપાસવાનું શરૂ કર્યું હતું. દરવાજો ખોલતા અંદર દારૂની મહેફિલ ચાલી રહી હતી. આ દરમિયાન ત્રણે વિદ્યાર્થીઓ ભાગી છૂટવા માટે રસ્તા શોધતા નજરમાંથી ગુમ થઈ ગયા. આ બાજુથી અભીજીહ નામના વિદ્યાર્થીને ઝડપી લેવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ ફરિયાદમાં જાણે એક વિદ્યાર્થી દારૂ પીને બેસેલો હતો અને તેને પકડી લીધો હોય તે રીતે ઉલ્લેખ કરાયો છે.

### ઉત્સવોમાં વ્યસ્ત રહેતી યુનિવર્સિટી શિસ્ત બાબતે ધ્યાન ક્યારે આપશે?

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સલરે અગાઉ વેસુ પોલીસને પત્ર લખીને છાત્રાલયમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે ચેતવણી આપી હતી. તેમ છતાં, આ ઘટનાએ યુનિ.માં સુરક્ષા વ્યવસ્થા સામે પ્રશ્નાર્થ ખડો કર્યો છે. ગણેશોત્સવ દરમિયાન પણ આ છાત્રાલયમાં વિવાદ સર્જાયો હતો અને હવે આ ઘટનાએ યુનિવર્સિટીની પ્રતિષ્ઠા પર વધુ દાગ લગાવ્યો છે. આ પ્રકારની ઘટનાઓ સામે યુનિવર્સિટી દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી થતી નથી અને અન્ય ઉત્સવોના નામે વ્યસ્ત રહે છે.

### હોસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટે મહેફિલમાં દારૂ-ચિકન અને સિગારેટની જ્યાફત મોબાઈલમાં રેકોર્ડ કરી હતી

રાત્રીનાં 10:20 વાગ્યાનાં અરસામાં હોસ્ટેલના એકરૂમમાં બે જાગૃત વ્યકિતએ રેડ પાડી, રૂમમાં બેઠલા ચાર-પાંચ યુવાનો રેડ લેબલ નામની દારૂની બોટલનાં પેગ, અને ઇ-સિગારેટના કશ મારી રહ્યા હતા. સાથે જ ચિકનની જયાફત ઉઠાવી રહ્યા હતા. આ દરમિયાન જ 10:45 વાગ્યાનાં અરસામાં કુલસચિવ આર.સી.ગઢવીની સુચનાને અનુસરીને હોસ્ટેલ સુપ્રિ. ભરત ઠાકોર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાને તેમણે મોબાઇલમાં રેકોર્ડિંગ કરી હતી. ત્યારબાદ આર.સી.ગઢવી ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બાદમાં પોલીસને જાણ કરી ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો.

**DGVCLના કોન્ટ્રાક્ટરની...**

સોદાબાજી કરી લીધી હોય તેમ માત્ર અકસ્માત મોતની નોંધ કરી હતી. જેને પગલે પોલીસની કામગીરી સામે અનેક આશંકાઓ ઊભી થવા પામી છે. પોલીસ પાસે મળતી માહિતી મુજબ ગત 23 મીની સવારે 10 વાગ્યે ગોડાદરામાં સુપર સિનેમા સામે આવેલ કેશવનગરમાં મેઈન રોડની સાઈડમાં ગુરૂવારે સવારે DGVCL દ્વારા ખાડો ખોદી કેબલ નાખવાની કામગીરી કરવામાં આવી રહ્યી હતી. આ દરમિયાન ગુજરાત ગેસની મુખ્યલાઈન પસાર થઇ રહી હતી. ત્યારે ગેસ લાઈનમાં ભંગાણ સર્જાતા ગેસ લીકેજ થવાને પગલે તેમાં આગ લાગી ગઈ હતી. ગેસને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને નજીકમાં આવેલા મોબાઈલ, કોસ્મેટીક, કાપડ તથા કટલેરીની દુકાન પણ આગની ઝપેટમાં આવી હતી. આ દરમિયાન બિલ્ડીગમાંથી બહાર નીકળી રહેલા પરિવારના સભ્ય સુરજકુમાર ફૌજદાર નિષાદ (ઉ.વ.32), પત્ની પરમીલા સુરજકુમાર નિષાદ, પુત્રી પરીધી (ઉ.વ.2.5 ) અને પુત્ર શીવાંશ (10 મહિના) આગની જ્વાળાઓથી દાઝી ગયા હતા. જેમાં આજે હોસ્પિટલમાં સારવાર દરમિયાન પરિધિ અને શિવાંશનું મોત નીપજ્યું છે.ખરેખર બે માસુમ બાળકોના મોત થઈ ગયા હોય ત્યારે પોલીસે તાકીદના ધોરણે જવાબદારો સામે બેજવાબદારીથી મોત નિપજાવવાનો ગુનો નોંધવો જોઈએ પરંતુ મડદા પર બેસીને સોદો કરવા નીકળેલી પોલીસે આ ઘટનામાં જાણે જવાબદારોને બચાવવાની સોપારી લઈ લીધી હોય તેમ માત્ર અકસ્માત મોતની નોંધ કરી હતી અને કોઈની પણ સામે ગુનો નોંધ્યો નહોતો. આ કેસમાં જો ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પગલા લેવામાં નહીં આવે તો સ્થાનિક પોલીસ મોતમાં પણ પોતાના ગજવા ગરમ કરી લેશે તે નક્કી છે.

**DGVCLના નફ્ફટ...**

તપાસ સમિતી અને સાત દિવસમાં તેના રિપોર્ટનું નાટક કરવામાં આવ્યું છે. ખરેખર ડીજીવીસીએલએ જે તે સમયે જ જવાબદાર કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવાની સાથે તેની સામે ગુનો નોંધવો જોઈતો હતો.

**નવા વર્ષના પ્રથમ...**

ઈશ્યુ કરી દેવામાં આવી છે. આજે 2025ના પહેલા દિવસે કચ્છનું શહેર નલિયા 6 ડિગ્રી ઠંડીમાં સતત બીજા દિવસ ધ્રુજી ઉઠ્યું હતું. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહમાં ગુજરાતમાં ઠંડીમાં કોઈ રાહત મળવાની નથી, તેવી આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 16 ડિ.સે., સુરતમાં 18 ડિ.સે., ભૂજમાં 11 ડિ.સે., નલિયામાં 6 ડિ.સે., કંડલા પોર્ટ પર 14 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલીમાં 14 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 14 ડિ.સે., મહુવામાં 15 ડિ.સે. અને કેશોદમાં 13 ડિ.સે. લઘુતમ તાપમાન નોંધાયું હતું.

**સુરતમાં 17.8 ડિગ્રી...**

જ્યારે લઘુત્તમ તાપમાન 17.8 ડિગ્રી નોંધાયું હતું. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ યથાવત રહ્યું હતું. હવામાં 50 ટકા ભેજની સાથે 4 કિલોમીટરની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો. શહેરમાં ઉત્તરના પવન હજી યથાવત હોવાથી આગામી એક બે દિવસમાં તાપમાનમાં ઘટાડો થવાની સાથે ઠંડી વધી શકે છે.

**અનુસંધાન**... પાના પહેલાનું

**બનાસકાંઠા જિલ્લાનું...**

લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકા તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે. બનાસકાંઠા જિલ્લામાં બાકીના ૬ તાલુકા પાલનપુર, દાંતા, અમીરગઢ, દાંતીવાડા, વડગામ અને ડીસા એમ કુલ ૬ તાલુકા તેમજ પાલનપુર અને ડીસા એમ બે નગરપાલિકાનો સમાવેશ થશે.

બન્ને જિલ્લાઓમાં ગામડાઓનું વિભાજન મહદઅંશે સમાન રીતે દરેક જિલ્લામાં ૬૦૦ આસપાસ રહે તેમ તથા વિસ્તાર વાવ-થરાદ જિલ્લામાં ૬૨૫૭ ચો. કિ.મી અને બાનસકાંઠા જિલ્લામાં ૪૪૮૬ ચો. કિ.મી રહે તે પ્રમાણે વિભાજન કરવામાં આવશે તેવા દિશાનિર્દેશ આપ્યા છે. કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર અને વાવ-થરાદ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રાખવાનું નક્કી કર્યું છે. વાવ-થરાદ જિલ્લા બાજુના આઠ તાલુકાને મુખ્ય મથક પાલનપુર જવા માટે જે અંતર લાગતું હતું તેમાં સરેરાશ ૩૫ થી ૮૫ જેટલા કિ.મી. અંતરમાં ઘટાડો થશે તથા સમય અને ઈંધણની બચત થશે. બનાસકાંઠાનું વિભાજન કરીને નવા બનાવાયેલા થરાદ જિલ્લાને પગલે બન્ને જિલ્લાઓને મળતા ભંડોળ/ગ્રાન્ટમાં વધારો થશે, માળખાકીય અને વિકાસ સુવિધાઓમાં વધારો થશે. નવા બનનારા વાવ-થરાદ જિલ્લા સાથે રાજ્યના કુલ જિલ્લાઓની સંખ્યા ૩૪ થશે.

**કઈ મહાનગરપાલિકામાં...**

પંચાયતો સમાવિષ્ટ થઇને આણંદ મહાનગરપાલિકા બનશે.

- મહેસાણા નગરપાલિકા તેમજ ફતેપુરા, રામોસણા, રામોસણા N.A. વિસ્તાર, દેદીયાસણ, પાલાવાસણા, હેડુવા રાજગર, હેડુવા હનુમંત, તળેટી અને લાખવડ ગ્રામ પંચાયતો ઉપરાંત પાલોદર, પાંચોટ, ગિલોસણ, નુગર, સખપુરડા અને લાખવડ ગ્રામ પંચાયતોના કેટલાક સર્વે નંબરવાળા વિસ્તારો સમાવિષ્ટ થઇને મહેસાણા મહાનગરપાલિકા બનશે.
- સુરેન્દ્રનગર/ દૂધરેજ/ વઢવાણ નગરપાલિકા તેમજ ખમીસણા, ખેરાળી, માળોદ, મુળચંદ અને ચમારજ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બનશે.
- પોરબંદર/ છાયા નગરપાલિકા તેમજ વનાણા (વિરપુર), દિગ્વીજયગઢ, રતનપર અને ઝાવર ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને પોરબંદર મહાનગરપાલિકા બનશે.
- નડિયાદ નગરપાલિકા તેમજ યોગીનગર, પીપલગ, ડુમરાલ, ફતેપુરા, કમલા, માંજીપુરા, ડભાણ, બીલોદરા, ઉત્તરસંડા અને ટુંડેલ ગ્રામ પંચાયતો સમાવિષ્ટ થઇને નડિયાદ મહાનગરપાલિકા બનશે.

**રોડ-રસ્તા,...**

માટે રાજ્ય સરકાર જરૂરી તમામ નાણાંકીય તેમજ વહીવટી સહકાર પૂરો પાડશે અને આ વિસ્તારના લોકોની સુવિધાઓમાં અનેકગણો વધારો થાય તે સુનિશ્ચિત કરવાની રાજ્ય સરકારની નેમ છે.

**નાગરિકોનું જીવન...**

જીવનધોરણ ઊંચું આવશે, એટલું જ નહિ, સમયાંતરે નવી મહાનગરપાલિકાઓમાં બી.આર.ટી.એસ., મેટ્રો રેલ, રિવરફ્રન્ટ જેવા વિશેષ પ્રોજેક્ટ્સ અમલમાં આવશે, તેથી નાગરિકોની સુખાકારીમાં વધારો થશે.

**નવાં વર્ષે...**

મંદિરના મુખ્ય કાર્યકારી અધિકારી વિશ્વ ભૂષણ મિશ્રાએ જણાવ્યું હતું કે, ''બુધવારે વહેલી સવારથી જ ભીડ એકઠી થવાનું શરૂ થયું હતું અને સાંજે 8 વાગ્યા સુધીમાં 6 લાખથી વધુ ભક્તોએ કાશી વિશ્વનાથનાં દર્શન કર્યાં હતાં અને ભક્તો હજી પણ દર્શન માટે કતારમાં છે.

**2025 એ સંરક્ષણ...**

રાજનાથ સિંહના નેતૃત્વમાં આયોજિત બેઠકમાં વિચાર-વિમર્શ દરમિયાન, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સુધારાઓમાં સાયબર અને સ્પેસ જેવા નવા ડોમેન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, હાયપરસોનિક અને રોબોટિક્સ જેવી ઉભરતી તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એ વાતે સંમતિ સધાઈ હતી કે ભવિષ્યના યુદ્ધો જીતવા માટે જરૂરી સંલગ્ન યુક્તિઓ, તકનીકો અને પ્રક્રિયાઓ પણ વિકસાવવી જોઈએ.

**સરકારે ડીએપી...**

યોજના (આરડબ્લુબીસીઆઈએસ) ને 15મા નાણાપંચના સમયગાળા સાથે સંરેખિત કરવા માટે લંબાવવામાં આવી છે.

પીએમએફબીવાય અને આરડબ્લુબીસીઆઈ માટેનો કુલ ખર્ચ 2021-22થી 2025-26 માટે વધારીને રૂ. 69,515.71 કરોડ કરવામાં આવ્યો છે, જે 2020-21થી 2024-25 માટે રૂ. 66,550 કરોડથી વધુ છે.

અન્ય એક મોટા નિર્ણયમાં, કેન્દ્રીય કેબિનેટે ડી-એમોનિયમ ફોસ્ફેટ (ડીએપી) પર વધારાની સબસિડી 31 ડિસેમ્બર, 2024 પછી લંબાવી, આ મુખ્ય ખાતરની છૂટક કિંમતો 50 કિલોની થેલી દીઠ રૂ. 1,350 જાળવવામાં મદદ કરી.

ગયા વર્ષે, કેન્દ્રએ ડીએપી પર રૂ. 3,500 પ્રતિ ટનના દરે એક વખતના સ્પેશિયલ પેકેજની જાહેરાત કરી હતી, જે 1 એપ્રિલ, 2024થી 31 ડિસેમ્બર, 2024 સુધી માન્ય છે, જેમાં કિંમતોને નિયંત્રણ હેઠળ રાખવા માટે રૂ. 2,625 કરોડની નાણાકીય અસર છે. આ પેકેજ સરકાર દ્વારા નોન-યુરિયા પોષક તત્ત્વો પર નિર્ધારિત પોષક-આધારિત સબસિડી (એનબીએસ) કરતાં વધુ હતું.

**ભારત-પાકિસ્તાને...**

વિનિમય પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ સામેના હુમલા પર પ્રતિબંધ પર એક કરારની જોગવાઈઓ હેઠળ થયું હતું.તે નવી દિલ્હી અને ઇસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલો દ્વારા એકસાથે કરવામાં આવ્યું હતું.

એમઈએએ જણાવ્યું હતું કે, ''ભારત અને પાકિસ્તાને આજે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ ખાતે એકસાથે રાજદ્વારી ચેનલો દ્વારા પરમાણુ સ્થાપન અને સુવિધાઓ પર હુમલાના પ્રતિબંધ પરના કરાર હેઠળ આવતા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની સૂચિનું આદાનપ્રદાન કર્યું હતું.'' કાશ્મીર મુદ્દો તેમ જ સરહદ પારના આતંકવાદને લઈને બંને દેશો વચ્ચે તંગદિલી વચ્ચે આ યાદીનું વિનિમય થયું છે.

આ કરાર પર 31 ડિસેમ્બર, 1988ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને 27 જાન્યુઆરી, 1991ના રોજ અમલમાં આવ્યો હતો.

આ કરારમાં બંને દેશોને દર વર્ષે જાન્યુઆરીના પ્રથમ દિવસે કરાર હેઠળ આવરી લેવાતા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની એકબીજાને માહિતી આપવાનું ફરજિયાત છે.

**વર્ષ 1901...**

ઔદ્યોગિક (1850-1900) સ્તરો કરતાં 1.5 ડિ.સે. વધારે છે.

આબોહવા વૈજ્ઞાનિકોના બે સ્વતંત્ર જૂથો, વર્લ્ડ વેધર એટ્રિબ્યુશન અને ક્લાઇમેટ સેન્ટ્રલ દ્વારા કરાયેલી વાર્ષિક સમીક્ષા મુજબ, વિશ્વએ 2024માં 41 વધારાના દિવસો જોખમી ગરમીનો અનુભવ કર્યો.

મહાપાત્રાએ જણાવ્યું હતું કે 2024માં લઘુત્તમ તાપમાનમાં વધારો 'ખૂબ ઊંચો' હતો.જૂન 2023એ માસિક વૈશ્વિક તાપમાન 1.5 ડિગ્રી મર્યાદાને વટાવવાનો પ્રથમ દાખલો હતો, આ વલણ જુલાઈ 2024 સિવાય સમગ્ર વર્ષ દરમિયાન ચાલુ રહ્યું હતું.

**ભારતના મોટા...**

જણાવ્યું હતું કે, જાન્યુઆરી દરમિયાન મધ્ય ભારતના પશ્ચિમ અને ઉત્તરીય ભાગોમાં સામાન્ય કરતાં વધુ શીત લહેરનો અનુભવ થવાની ધારણા છે.આઈએમડીએ જણાવ્યું હતું કે, જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ઉત્તર ભારતમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની શક્યતા છે, જેમાં લાંબા ગાળાની સરેરાશ (એલપીએ)ના 86 ટકાથી ઓછા વરસાદની સંભાવના છે.1971-2020ના ડેટાના આધારે આ સમયગાળા દરમિયાન ઉત્તર ભારતમાં સરેરાશ વરસાદ લગભગ 184.3 મીમી છે. પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ જેવા ઉત્તર અને ઉત્તર પશ્ચિમ રાજ્યો શિયાળામાં (ઓક્ટોબરથી ડિસેમ્બર)માં ઘઉં, વટાણા, ચણા અને જવ સહિતના રવિ પાક ઉગાડે છે અને ઉનાળામાં (એપ્રિલથી જૂન) લણણી કરે છે. પશ્ચિમી વિક્ષેપને કારણે શિયાળા દરમિયાન થનાર વરસાદ તેમના વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.